**તાપમાન**

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૬૧ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૨૧ | ૧૧ જુલાઈ, ૨૦૧૬, સોમવાર ; અષાઢ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## બુરહાન વાનીના મોતથી પાકિસ્તાન લાલઘૂમ

નવીદિલ્હી,તા. ૧૦

હિઝબુલ મુઝાહિદીનના કમાન્ડર બુરહાન વાનીના મોત અને ત્યારબાદ હિંસાની પરિસ્થિતિને પગલે પાકિસ્તાન ફરી એકવાર લાલઘૂમ થયું છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલય દ્વારા બુરહાનની હત્યાને એક્સ્ટ્રા જ્યુડિશિયલ હત્યા તરીકે વર્ણવામાં આવી છે. ઘાટીની પરિસ્થિતિ અંગે કહેવાયું છે કે, કાશ્મીરીની હત્યા દુખ અને નિંદનીય છે. આ સાથે જ એમપણ કહેવાયું છે કે, કાશ્મીર વિવાદનો ઉકેલ એક માત્ર ત્યાના લોકોના નિર્ણય લેવાની આઝાદીથી જ શક્ય બની શકે છે. ઘાટીમાં જનમત સંગ્રહ કરાવવા સંદર્ભમાં પણ વિદેશ મંત્રાલય તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવાયું છે.

# મધ્યપ્રદેશમાં પુરના પગલે ભારે તારાજી

**૧૫ના મોત : મૃતકના પરિવારજનોને એક-એક લાખની સહાય : હોશંગાબાદમાં નર્મદાએ તેની ભયજનક સપાટી વટાવી : રાજ્યમાં ૧ ૨મી જુલાઈ બાદ વરસાદ અટકે તેવી શક્યતા**



નવીદિલ્હી,તા. ૧૦

છેલ્લા અઠવાડિયાથી ભારે વરસાદના પગલે મધ્યપ્રદેશમાં ભારે તબાહી અને ખુવારી જોવા મળી રહી છે. મધ્યપ્રદેશના ૧૦ જેટલા જિલ્લાઓમાં ભારે તબાહી સર્જાતા એનડીઆરએફ,સેના સહિતની ટુકડીઓને બચાવ અને રાહતની કામગીરીમાં જોડી દેવામાં આવ્યા છે. મધ્યપ્રદેશમાં અત્યાર સુધીમાં ભારે વરસાદના પગલે ૧૫ લોકોના મોત થઈ ચુક્યા છે. મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ દ્વારા મૃતકોના પરિવારજનોને આર્થિક સહાય આપવાની પણ જાહેરાત કરવામાં આવી છે. અત્રેનોંધનીય છે કે, ગત પહેલી જૂનથી ૮મી જુલાઈ સુધી રાજયના ૨૫ જિલ્લાઓમાં સામાન્યથી વધુ ૧૬ જિલ્લાઓમાં સામાન્યઅને નવ જિલ્લાઓમાં ઓછા અંશે વરસાદ થવા પામ્યો છે. મધ્યપ્રદેશ સરકાર દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદન મુજબ સામાન્યથી વધુ વરસાદવાળા જિલ્લાઓમાં જબલપુર, કટની, છિંદવાડા, છિવની, મંડલા, નરસિંહપુર, સાગર, દમો, પન્ના, છતરપુર, સીધી, સતના, ઉંમરિયા, મુરૈના, ગ્વાલિયર, શિવપુરી, ઉના,

● અનુસંધાન પાન-૭ પર

## ચીનમાં નેપાર્તક ચક્રવાતે ભારે વિનાશ-તબાહી સર્જી

**સાડા ચાર લાખ લોકોને સલામત સ્થળે ખસેડાયા : પાંચ એરપોર્ટ, ૪૦૦ ફલાઈટો, ૩૪૧ હાઈસ્પીડ ટ્રેનો અને ૫૦૦૦થી પણ વધુ બસ રદ કરવાની ફરજ પડી**



બેજિંગ,તા. ૧૦

ચીનમાં ભારે પુર અને તારાજી વચ્ચે એક હજારથી પણ વધુ મકાનોને તબાહીની અસર પહોંચી છે. આ ઉપરાંત સાડા ચાર લાખ લોકોને અત્યાર સુધીમાં સુરક્ષિત સ્થાનો ઉપર પહોંચાડવામાં આવ્યા છે. ભારે ચક્રવાતના પરિણામે મોટી સંખ્યામાં અસર થવા પામી છે. આ સાથે જ પાંચ લોકો લાપત્તા થયા હોવાના પણ સમાચાર મળ્યા છે. આ અંગે મળતી વિગતો મુજબ ચીનમાં છેલ્લા કેટલાક સમયથી સર્જાયેલી ભારે પુરની પરિસ્થિતિની વચ્ચે દેશમાં અસંખ્ય હવાઈ ઉડ્ડયનો અને રેલ સેવાઓને પણ અસર થઈ છે. આ મોસમનો સૌથી વિનાશક વાવાઝોડુ નેપાટક ચીન ઉપર ત્રાટક્યું હતું જેના પગલે ફુઝિયન પ્રાંતના શિશી શહેરમાં કલાકના ૧૦૦ કિલોમીટરથી પણ વધુ ઝડપે પવનો ફુંકાયા હતા. સૂત્રોનું કહેવું છે કે, પ્રાંતિય રાજધાની ફુગ્સોવુ સહિત ખુલ છ શહેરોમાં અત્યાર સુધીમાં સાડા ચાર લાખ લોકોને સલામત સ્થળે પહોંચાડવામાં આવ્યા છે.

# કાશ્મીર ઘાટીમાં આતંકવાદી હુમલાનો ખતરો

**નિયંત્રણ રેખા પર ત્રાસવાદી ઘુસણખોરીનો ખતરો : બાંગ્લાદેશ સરકાર દ્વારા ૧૦ આતંકવાદીઓના ફોટા સહિતનો ઇનપુટ ભારત સરકારને સોંપાયો :કોઇપણ હુમલાને ખાળવા માટે સુરક્ષા દળને એલર્ટ કરાયા**

શ્રીનગર,તા. ૧૦

એલઓસી ઉપર કાશ્મીર ઘાટીમાં એક મોટી આતંકી ઘટનાને અંજામ આપવાની ફિરાકમાં ૨૦૦થી વધુ આતંકીઓ હથિયારો સાથે કાશ્મીરમાં ઘુસણખોરી કરવાની પ્રયાસમાં છે. આ આતંકવાદીઓ લશ્કરે તોઈબા, જૈશે મોહમ્મદ અને હિઝબુલ મુઝાહિદ્દીન તથા જમાત ઉદ દાવાના સભ્ય હોવાનું ખુલવા પામ્યું છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ કાશ્મીરમાં શુક્રવારથી ઉભી થયેલી પરિસ્થિતિ તેમજ સુરક્ષા દળો સાથેની અથડામણમાં હિઝબુલ કમાન્ડ બુરહાન વાનીના મોત બાદ ઉભી થયેલી તનાવગ્રસ્ત પરિસ્થિતિની વચ્ચે ગુપ્તચર વિભાગને જે કેટલાક મહત્વના ઈનપુટ મળ્યા છે તેમાં સૌથી મહત્વના બે ઈનપુટ છે.

પહેલું ઈનપુટ બાંગ્લાદેશ સરકાર દ્વારા ભારત સરકારને ૧૦ જેટલા આતંકીઓની એક યાદી ફોટા સાથે સુપરત કરવામાં આવી છે. આ યાદી સાથે ભારત સરકારને એલર્ટ પણ કરવામાં આવી છે કે, આ આતંકવાદીઓ ગમે સરહદ પરથી ભારતમાં કોઈ મોટી આતંકી ઘટનાને અંજામ આપી શકે તેમ છે. બાંગ્લાદેશ સરકાર તરફથી મળેલા આ ઈનપુટ બાદ ગુપ્તચર વિભાગ દ્વારા તમામ સરહદો ઉપર આતંકવાદીઓના ફોટા અને સંભવિત તમામ માહિતી આપીને એલર્ટ કરવામાં આવ્યું છે. એમ માનવામાં આવે છે કે, ઢાકામાં પહેલી જુલાઈના રોજ થયેલા આતંકી હુમલામાં આ આતંકવાદીઓની સંડોવણી હોઈ શકે. ગત પહેલી જુલાઈના રોજ બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં સૌથી વધુ સુરક્ષિત મનાતા એવા વિસ્તારની એક રેસ્ટોરામાં આતંકવાદીઓ દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

# કરદાતાઓમાં પરિવર્તન આવવું જરૂરી : જેટલી

**૫૦૦૦ કરોડથી વધુની રકમનું કાળું નાણું વિદેશોમાં : આદર્શ ટેક્સ વ્યવસ્થા ગોઠવવી મુશ્કેલ : કરદાતા મળેલી તકનો ઉપયોગ કરી સાચી આવક જાહેર કરે : નાણાપ્રધાન**



અમદાવાદ, તા.૧૦

કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલી આજે અમદાવાદ ખાતે આવ્યા હતા. શહેરના જીએમડીસી ખાતે આવેલા ગુજરાતયુનિવર્સિટી કન્વેન્શન હોલમાં કરદાતાઓને માર્ગદર્શન આપવા માટે એક ખાસ સેમિનાર આયોજિત કરવામાં આવ્યો હતો. આ સેમિનારમાં ભાગ લેવા માટે ગઈ રાત્રે જ નાણામંત્રી અમદાવાદ પહોંચ્યા હતા. સેમિનારમાં ઉપસ્થિત લોકોને સંબોધતા નાણામંત્રીએ કહ્યું કે, એજન્સીના રિપોર્ટ પ્રમાણે વિદેશના વિવિધ દેશોમાં પાંચ હજાર કરોડ કરતા પણ વધુની રકમનું કાળુ નાણું પડ્યું છે.

તેમણે કરદાતાઓને સ્પષ્ટ ભાષામાં છેલ્લી ચેતવણી આપતા કહ્યું કે, સાચી આવક જાહેર કરવા માટેની આ તેમની પાસે છેલ્લી તક છે. આ તકનો ઉપયોગ કરી અને કર નહીં ભરનારાઓને આગામી દિવસોમાં કડકમાં કડક કાર્યવાહીનો સામનો કરવા માટે તૈયારી રાખવી પડશે. આ અંગેની વિગત એવી છે કે, કેન્દ્રીય નાણામંત્રી અમદાવાદના પ્રવાસે આવ્યા હતા. જ્યાં નાણામંત્રી અરૂણ જેટલીએ અમદાવાદના કન્વેન્શન હોલમાં યોજાયેલા એક સેમિનારમાં સંબોધન કર્યુ હતું. તેમણે કહ્યું કે, દેશમાં આદર્શ ટેક્સ વ્યવસ્થા ગોઠવવી મુશ્કેલ છે. આનંદીબેને કરદાતાઓને પણ ફાઈનલ વોનિગ આપતા તેમની સાચી આવક જાહેર કરવાનું કહ્યું હતું અને ટેક્સ ટાઈમસર ભરવાની છેલ્લી તક હોવાનું કહ્યુંહતું. જેટલીના જણાવ્યા અનુસાર સરકાર કાળાનાણા પાછા લાવવા માટે યોજના બનાવી રહી છે. તેમને જણાવ્યુંકે, એજન્સીના રિપોર્ટ પ્રમાણે ભારતના વિદેશમાં ૫ હજાર કરોડ કરતા પણ વધુ કાળાનાણા પડ્યા છે. જેટલીએ ટેક્સ ચોરી કરતાં અને પનામામાં રોકાણ કરનારાઓ સહિત તમામ સામે ફોજદારી કાર્યવાહી કરવાની પણ વાત કરી હતી. ઈન્કમટેક્ષ ડિક્લેરેશન સ્કીમ સેમિનારમાં આનંદીબેન પટેલે સંબોધન કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતનો આવક જાહેર કરવામાં પ્રથમ નંબર આવે છે. અત્યાર સુધીમાં ગુજરાતના લોકોએ પોતાની આવક જાહેર કરવામાં બધા જ રાજ્યોને પછાડ્યા છે. તે ઉપરાંત તેમણે જણાવ્યું કે, સીએ પણ કરદાતાઓને જાગૃત કરી શકે છે, અને ટેક્સ ભરાવવામાં મદદરૂપ બની શકે છે. જેટલીના જણાવ્યા અનુસાર ભારતની અર્થવ્યવસ્થાને સંમતુલન રાખવા માટે દરેક કરદાતાઓને પોતાની આવક જાહેર કરીને ટાઈમસર કર ભરી દેવું જોઈએ, તેમણે જણાવ્યું કે, ટેક્સ કરદાતાઓમાં પરિવર્તનની જરૂરત છે.

# રાજ્યના અમરનાથના યાત્રાળુઓ મામલે ભારે ચિંતા

**વડોદરાના યાત્રાળુઓની બસ ઉપર પથ્થરમારાથી તેમના પરિવારજનો ચિંતિત : મહેસાણાના યાત્રીઓ પણ ફસાયા**

અમદાવાદ, તા.૧૦

કાશ્મીરમાં છેલ્લા બે દિવસથી ઉભી થયેલી પરિસ્થિતિના પગલે રાજયના ૫૦૦૦થી પણ વધુ યાત્રીઓ અમરનાથની યાત્રાએ જવા નિકળ્યા હતા જે કર્ફ્યુની પરિસ્થિતિમાં ફસાઈ પડ્યા છે. આ અંગે મળતી વિગતો મુજબ રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી અમરનાથની યાત્રાએ પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ યાત્રીઓ અમરનાથ પહોંચ્યા હતા જ્યાં તેઓ ફસાવવા પામ્યા છે. દરમિયાન મળતી માહિતી મુજબ રાજ્યના મહેસાણા, બનાસકાઠા, વડોદરા જેવા વિવિધ વિસ્તારોમાંથી અલગ અલગ ટુકડીઓ દ્વારા અમરનાથ તરફ ગયેલા યાત્રીઓ ફસાયા છે તો વડોદરાના યાત્રીઓ ૨૦ બસો દ્વારા પહેલગાવ પહોંચ્યા હતા. આ બસો પૈકી છ બસ શ્રીનગરમાં ફસાયેલી છે. બનાસકાંઠા જિલ્લામાંથી ગયેલા પ્રવાસીઓમાં બે નાયબ મામલતદાર સહિત કુલ ૨૫ જેટલા યાત્રાળુઓ બાલતાલમાં ફસાયા છે. એક તરફ જ્યાં સુધી પરિસ્થિતિ યથાવત ન થાય ત્યાં સુધી અમરનાથ યાત્રા ફરીથી શરૂ ન કરવા માટેકાશ્મીરના લેફટ. ગવર્નર દ્વારા આજે જાહેરાત કરવામાં આવી છે ત્યારે રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી ખીણ વિસ્તારમાં પહોંચેલા યાત્રીઓની સલામતી અને સુરક્ષા અંગે છેલ્લામાં છેલ્લી પરિસ્થિતિનો તાગ મેળવવા માટે આજે રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે રાજ્યના રાહત કમિશનર મનિષ ભારદ્વાજ સહિત અન્ય ઉચ્ચ અધિકારીઓ સાથે એક તાકીદની બેઠક યોજી હતી. આ બેઠકમાં રાજ્યમંત્રી મંડળના વરિષ્ઠ મંત્રીઓ નીતિન પટેલ સહિત અન્ય મંત્રીઓ પણ હાજર રહ્યા હતા.

દરમિયાન હિઝબુલ મુઝાહિદીના ૨૧ વર્ષીય આતંકવાદીના એન્કાઉન્ટર બાદ શ્રીનગરમાં ફાટી નીકળેલાં તોફાનોના પગલે અમરનાથ ગયેલા વડોદરા શહેરની ૨૦બસના ૧ હજાર જેટલા યાત્રાળુઓ ફસાયા છે.

● અનુસંધાન પાન-૭ પર

### કયા જિલ્લાના કેટલા યાત્રાળુ

| જિલ્લો | યાત્રાળુ |
|---|---|
| વડોદરા | ૧૧૨૦ |
| અમરેલી | ૬૧૧ |
| ખેડા | ૩૯૨ |
| મહેસાણા | ૩૩૫ |
| ભાવનગર | ૫૪૦ |
| ગીરસોમનાથ | ૨૧૬ |
| વલસાડ | ૨૦૦ |
| સુરત | ૧૫૦ |
| ભરુચ | ૧૨૦ |
| જામનગર | ૧૨૦ |
| નવસારી | ૧૧૦ |
| જુનાગઢ | ૧૦૦ |
| પંચમહાલ | ૮૩ |
| તાપી | ૫૬ |
| છોટાઉદેપુર | ૪૫ |
| પાટણ | ૪૩ |
| પોરબંદર | ૪૧ |
| દાહોલ | ૪૧ |
| સાબરકાંઠા | ૭૫ |
| કચ્છ | ૪૦ |
| અમદાવાદ | ૪૦ |
| મહિસાગર | ૧૨ |
| કુલ | ૪૪૯૦ |

# વાવણી લાયક વરસાદ માટે હમણા કોઈ સંભાવના નથી

**રાજ્યના કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ થશે : રાજ્યમાં સતત વાદળછાયા વાતાવરણની વચ્ચે અસહ્ય બાફ તેમજ ઉકળાટનો અનુભવ કરતા લોકો ત્રસ્ત બન્યા**

અમદાવાદ,તા. ૧૦

રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી વરસાદની આતુરતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તેમ છતાં હજુ સુધી જોઈએ તેટલો વરસાદ પડ્યો નથી. આ પરિસ્થિતિની વચ્ચે ખેડૂતો દ્વારા પણ વાવણી કાર્ય અપૂરતા વરસાદના કરાણે હાથ ધરાયું નથી. ત્યારે હવામાન વિભાગ દ્વારા રાજ્યના દક્ષિણ ગુજરાત સિવાય અન્ય વિસ્તારોમાં કેટલાક સ્થળોએ હળવો વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ જેવા શહેરમાં પણ છેલ્લા બે પખવાડિયાથી વધુ સમયથી વાદળો બંધાય છે અને લોકોની આતુરતાપૂર્વકની રાહ જોવા છતાં પણ હજુ સુધી અમદાવાદ શહેર અને જિલ્લામાં વરસાદ વરસ્યો નથી. રાજ્યના મહાનગરોમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાન જે નોંધાવવા પામ્યું છે તેમાં અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૭.૬ ડિગ્રી, ડિસામાં મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી અને લઘુત્તમ ૨૮ ડિગ્રી, વડોદરામાં મહત્તમ તાપમાન ૩૨.૬ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૭.૫ ડિગ્રી તથા સુરતમાં મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૭.૮ ડિગ્રી જોવા મળ્યું છે. જ્યારે ભુજ ખાતે મહત્તમ ૩૩.૨ અને લઘુત્તમ ૨૬ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાવવા પામ્યું છે. હવામાન વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ આગામી ૪૮ કલાક દરમિયાન રાજ્યના દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ થઈ શકે છે. આ સિવાયના અન્ય વિસ્તારોમાં વાદળછાયા વાતાવરણની વચ્ચે માત્ર હળવો વરસાદ થવાની સંભાવના છે.


**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

**ROOPKALA**
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225